# ચૈત્રી પૂનમનો મેળો

દીવથી નવ કિલૉમીટર દૂર બુચરવાડા પંચાયત સ્થિત પટેલવાડીએ સીંજળીના વિશાળ ખેતરમાં માતા કાળિંગણીંના સાનિધ્યમાં ચૈત્ર સુદ પૂનમનો વિખ્યાત મેળો ભરાય છે. ત્રણ દિવસ ચાલનારા આ ચૈત્રી પૂનમના મેળામાં હજારોની સંખ્યામાં માઇભકતો ઊમટી પડે છે. દીવમાં આ મેળો સીંજળીના મેળા તરીકે પ્રસિદ્ધ છે જે સામાજિક, સાંસ્કૃતિક અને ધાર્મિક પરંપરાનો પ્રતીક છે.



ત્રણ દિવસ ચાલનારો ચૈત્રી પૂનમનો મેળો. છબી સૌજન્ય શ્રીમતી માલિની રતિલાલ.

કાળિંગણીં માતાના સાનિધ્યમાં યોજાતા આ લોકમેળાને માણવા માટે દીવ સહિત આજુબાજુના ગ્રામ્ય વિસ્તારમાંથી મોટી સંખ્યામાં લોકો આવે છે. આ લોકમેળામાં ફજેતફાળકો, રમકડાં અને ખાણીપીણીની લારીઓની વ્યવસ્થા કરવામાં આવે છે. રમકડાંની દુકાનો નાના બાળકો માટે આકર્ષણનું કેન્દ્ર બને છે જેમાંથી બાળકો રમકડાં મેળવવા માટે પડાપડી કરતા જોવા મળે છે. ફજેતમાં બેસી આનંદ માણવા માટે લોકોની લાંબી કતારો જોવા મળે છે. આકાશને આંબતા ફજેત અને તેમાં લાગેલી રંગબેરંગી બત્તીઓનો હાર મેળાની રંગતમાં ચાર ચાંદ લગાવી દઈ છે.

યંત્ર યુગમાં પણ જૂની પરંપરાઓ આજે પણ જળવાઈ રહી છે અને દૂરદૂરથી મેળામાં માનવ મહેરામણ કીડિયારાંની જેમ ઊમટેલું જોવા મળે છે. મેળામાં કોઈ અનિચ્છિત બનાવ ન બને તે માટે પૉલીસ વ્યવસ્થાનો પ્રબંધ પણ કરવામાં આવે છે.



દીવ સહિત આજુબાજુના ગ્રામ્ય વિસ્તારમાંથી મોટી સંખ્યામાં લોકો મેળામાં આવે છે. છબી સૌજન્ય શ્રીમતી માલિની રતિલાલ.



રમકડાંની દુકાન. છબી સૌજન્ય શ્રીમતી માલિની રતિલાલ.



ખાણીપીણીની લારી. છબી સૌજન્ય શ્રીમતી માલિની રતિલાલ.

દીવમાં વસતા વાંઝા અને દરજી જ્ઞાતિબંધુઓ તેમજ અન્ય જ્ઞાતિના શ્રદ્ધાળુઓ મેળાના દિવસો દરમિયાન અહીં આવેલ પ્રખ્યાત કાળિંગણીં માતાના મંદિરે દર્શન કરી ધન્યતા અનુભવે છે. મા કાળિંગણીંના ચરણે દૂરદૂરથી આવતા શ્રદ્ધાળુઓ શ્રીફળ, કંકુ, ચૂંદડી, પ્રસાદ ચડાવવાનું ચૂકતા નથી.




કાળિંગણીં માતાનું મંદિર. છબી સૌજન્ય શ્રીમાન નલિનકુમાર ભગવાનદાસ બામણિયા.



જ્ઞાતિબંધુઓ વાજતે ગાજતે કાળિંગણીં માતાના મંદિરે પહોંચે છે. છબી સૌજન્ય શ્રીમાન વિજય કુમળદાસ.



આ તસવીરમાં જ્ઞાતીબહેનો વાહન મારફ્ત કાળિંગણીં માતાના દર્શનાર્થે જતાં જોવાં મળે છે. છબી સૌજન્ય શ્રીમતી માલિની રતિલાલ.




મા કાળિંગણીંના ચરણે મહિલાઓ શ્રીફળ, કંકુ, ચૂંદડી તેમજ પ્રસાદ ચડાવવા માટે લાવે છે. છબી સૌજન્ય શ્રીમાન વિજય કુમળદાસ.




આ તસવીરમાં ડાબેથી જમણી બાજુ અનિલાબહેન  મહેન્દ્રલાલ, ધીરજબહેન બચુ, માલિનીબહેન રતિલાલ અને  ફ્રીમિલાબહેન કાંતિલાલ જોવાં મળે છે. છબી સૌજન્ય શ્રીમતી માલિની રતિલાલ.



કાળિંગર્ણી માતા. છબી સૌજન્ય  શ્રીમતી તરુણા  મોતીચંદ.

વાંઝા જ્ઞાતિબંધુઓ સીંજળીના વિશાળ ખેતરે ચૈત્રી સુદ આઠમે અને દરજી જ્ઞાતિબંધુઓ ચૈત્રી સુદ પૂનમે માતા હિંગળાજપ્રીત્યર્થે યજ્ઞ યોજે છે. આ વિશેષ પ્રસંગમાં ભાગ લેનાર સમગ્ર જ્ઞાતિબંધુઓ અને મિત્ર મંડળને ભાવભીનું હાર્દિક આમંત્રણ આપવામાં આવે છે. આ પાવન અવસરે મોટી સંખ્યામાં વાંઝા અને દરજી જ્ઞાતિબંધુઓ તેમજ યજ્ઞમાં ભાગ લેનાર દંપતી યજમાન યજ્ઞમાં આહુતિ અર્પિ ધન્યતા અનુભવે છે. વાંઝા જ્ઞાતિબંધુઓનો આઠમનો યજ્ઞ શ્રીમાન કૌષિક નંદરામ જોષી દ્વારા સંપન્ન કરવામાં આવે છે જ્યારે દરજી જ્ઞાતિબંધુઓનો પૂનમનો યજ્ઞ શ્રીમાન કનુભાઈ વિષ્ણુરામ  અધ્વર્યુ દ્વારા સંપન્ન કરવામાં આવે છે. ત્યારબાદ આ મહાયજ્ઞમાં આવનાર દરેક ભક્ત માટે ભોજન પ્રસાદીની પણ તૈયારી કરવામાં આવે છે.



આ તસવીરમાં વાંઝા જ્ઞાતિબંધુઓ સીંજળીના વિશાળ ખેતરે ચૈત્રી સુદ આઠમે યજ્ઞમાં ભાગ લેવા માટે એકત્રીત થયેલ જોવા મળે છે.  છબી સૌજન્ય શ્રીમાન વિજય કુમળદાસ.



શ્રી વાંઝા જ્ઞાતિ દીવ. યજ્ઞમાં ભાગ લેનાર દંપતી યજમાન. છબી સૌજન્ય શ્રીમાન વિજય કુમળદાસ.



શ્રી દરજી જ્ઞાતિ દીવ. યજ્ઞમાં ભાગ લેનાર દંપતી યજમાન. છબી સૌજન્ય શ્રીમતી માલિની રતિલાલ.



શ્રી દરજી જ્ઞાતિ દીવ. છબી સૌજન્ય શ્રીમતી માલિની રતિલાલ.



શ્રી વાંઝા જ્ઞાતિ દીવ. છબી સૌજન્ય શ્રીમાન વિજય કુમળદાસ.



શ્રી વાંઝા જ્ઞાતિ દીવ. છબી સૌજન્ય શ્રીમાન વિજય કુમળદાસ.



શ્રી દરજી જ્ઞાતિ દીવ. છબી સૌજન્ય શ્રીમતી માલિની રતિલાલ.



શ્રી દરજી જ્ઞાતિ દીવ. છબી શ્રીમતી માલિની રતિલાલ.



શ્રી દરજી જ્ઞાતિ દીવ. છબી સૌજન્ય શ્રીમતી માલિની રતિલાલ.



શ્રી દરજી જ્ઞાતિ દીવ. છબી સૌજન્ય શ્રીમતી માલિની રતિલાલ.



શ્રી વાંઝા જ્ઞાતિ દીવ. છબી સૌજન્ય શ્રીમાન વિજય કુમળદાસ.



શ્રી વાંઝા જ્ઞાતિ દીવ. છબી સૌજન્ય શ્રીમાન વિજય કુમળદાસ.



શ્રી વાંઝા જ્ઞાતિ દીવ. છબી સૌજન્ય શ્રીમતી માલિની રતિલાલ.



શ્રી વાંઝા જ્ઞાતિ દીવ. છબી સૌજન્ય શ્રીમતી માલિની રતિલાલ.



શ્રી વાંઝા જ્ઞાતિ દીવ. છબી સૌજન્ય શ્રીમતી માલિની રતિલાલ.



શ્રી વાંઝા જ્ઞાતિ દીવ. છબી સૌજન્ય શ્રીમતી માલિની રતિલાલ.



આ તસવીરમાં મહિલાઓ ભોજનપ્રસાદીની તૈયારી કરતા જોવા મળે છે.  છબી સૌજન્ય શ્રીમાન વિજય કુમળદાસ.



આ તસવીરમાં મહિલાઓ ભોજનપ્રસાદીની તૈયારી કરતા જોવા મળે છે. છબી સૌજન્ય શ્રીમાન વિજય કુમળદાસ.

સંકલનકર્તા

દીપક કનકસિંહ

આ લેખના ભાષાકીય સુધારા માટે જેનું સદા ઉત્સાહભેર, પ્રોત્સાહનથી ભરપૂર અને અતૂટ યોગદાન રહ્યું છે એવા ગુજરાતી ભાષાના નિષ્ણાત ભાઈ પ્રદીપ વસંતલાલનો હું ખૂબ ખૂબ આભારી છું.

શ્રીમાન વિજય કુમળદાસ, શ્રીમતી માલિની રતિલાલ, શ્રીમતી તરુણા મોતીચંદ અને શ્રીમાન નલિનકુમાર ભગવાનદાસ બામણિયાનો વિવરણાત્મક છબીઓ મેળવી આપવા બદલ ખૂબ ખૂબ આભાર.